




ઉષઃ પ્રાર્થના
રંગ અવધૂત

# પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત ગુરુમહારાજ
## (નારેશ્વર)



બ્રહ્મૌજસા ભૂષિત-ભવ્ય-ભાલં
દિવ્યૌજસા દીપ્ત-વિશાલ-નેત્રમ્ ।
શાંતિપ્રદં યસ્ય મુખારવિંદં
રંગાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥

# ઉષઃ પ્રાર્થના



રંગ અવધૂત

# પ્રસ્તાવના

ઉષ:કાળના પવિત્ર વાતાવરણને અતિ પવિત્ર અને દિવ્ય કરે તેવા પૂજ્ય શ્રીરંગ અવધૂત ગુરુ મહારાજના સ્વૈર ઉદ્‌ગારોમાંથી પ્રાપ્ત થયેલાં પ્રભાતિયાંની આ નાનકડી પુસ્તિકા, ગાનાર અને સાંભળનારનું અચૂક શ્રેય કરશે જ એવી શ્રદ્ધા છે.

ભૌતિકવાદ વકરતો જાય છે અને વિચારોમાંથી સાત્ત્વિકતા ઘટતી જાય છે ત્યારે ઉષ:પ્રાર્થનાની આ પુસ્તિકા વ્યક્તિના જીવનને નિ:શ્રેયસ અને અભ્યુદયના પથ પર લઈ જશે અને કલિકાળમાં પણ પરમ પુરુષાર્થની પ્રાપ્તિમાં મદદરૂપ બનશે એવો વિશ્વાસ છે.

મોટા અક્ષરોને કારણે પ્રિય થએલી આ પુસ્તિકાની બીજી આવૃત્તિ રજુ કરતાં આનંદ અનુભવુ છું. તે ઉપરાંત આ આવૃત્તિમાં પ્રાત:કાળે ગાઈ શકાય એવા થોડાં ભજનો ઉમેર્યા છે અને પ્રભાતિયાંઓની ભાવ સમજૂતી પણ ઉમેરી છે જે ભક્તવાચકોને પૂજ્યશ્રીની દિવ્યવાણી સમજવામાં મદદરૂપ થશે એમ માનું છું. પૂજ્યશ્રીના સાહિત્ય માં ઓછામાં ઓછી ભૂલ રહે એ માટેના સન્નિષ્ઠ પ્રયત્નમાં મુ. ડૉ. ધીરુભાઈ જોષી, મુ. ડૉ. સુભાષભાઈ દવે અને પ્રા. શ્રી કુલીનભાઈ ઉપાધ્યાયની મળેલી મદદ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

પૂજ્ય શ્રી પ્રેમ અવધૂતજીનું માર્ગદર્શન અને હૃદયનો પ્રેમ તેમજ મારા પ્રત્યેનો કૃપાભાવ મારી લાગણીને મૂર્ત સ્વરૂપ આપવા માટેનું પ્રેરક બળ છે. એમનો આભાર માનીને સંબંધને નાનો કરવાને બદલે એમનાં ચરણે ઋણસ્વીકારના ભાવ રૂપે મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ રજૂ કરવા વધુ યોગ્ય માનું છું.

ભગવાન શ્રી રંગાવધૂતજીના સાહિત્યની સેવા કરવા માટે શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટે આપેલી અનુમતિનો હૃદયથી આભાર માનું છું.

પૂજ્ય શ્રીરંગ અવધૂત ગુરુમહારાજનાં ચરણારવિંદમાંસાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી વિરમું છુ.


મુંબઈ, ૪૦૦ ૦૭૧.

તા. ૧૩.૦૭.૨૦૦૩

**અનિલ શ્રોફ**

# નિવેદન

## (પહેલી આવૃત્તિનું)



મનુષ્યની આધ્યાત્મિક પ્રગતિમાં પ્રાર્થના એક અત્યંત અગત્યનું બળ છે. સવારે ઊઠતી વખતે અને સાંજે સૂતી વખતે દરેક મનુષ્યે પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરવું જોઇએ એવું સામાન્યતઃ દરેક ધર્મમાં વિધાન છે. હિંદુધર્મને માટે તો આ વસ્તુ જગજૂની છે. અને હિંદુસમાજમાં આજે પણ વૃદ્ધો, આધેડવયનાં સ્ત્રી પુરુષો સવારમાં ઊઠી પ્રભાતિયાં ગાતાં હોય છે. શહેરના જંજાળી જીવોને, ધમાલિયા જીવનમાં રચ્યાપચ્યા રહેનાર માણસોને, અડધી ઊંઘમાંથી ઊઠી કારખાનામાં કે ગાડીએ દોડતા જનસમૂહને દિનપ્રતિદિન આ વસ્તુ અપરિચિત થતી જતી હોય તો કાંઇ નવાઇ જેવું નથી. જીવનકલહ દિવસે દિવસે એટલો બધો વધતો જાય છે કે પેટપૂજાની દોડધામમાં બિચારા લોકોને પ્રભુનું સ્મરણ કરવાની ભાગ્યે જ ફુરસદ હોય છે. જે ભારતવર્ષના હિન્દુસમાજ માટે ભગિની નિવેદિતા જેવી એક વિદેશી વિદુષી બાઇએ પણ એમ જણાવેલું કે : **No Bath, No Prayers, No Prayers, No Dinner.** સ્નાન કર્યું ન હોય તો સેવા-પૂજા થાય નહિ, અને સેવાપૂજા કર્યા સિવાય ખવાય નહિ. તે'જ આર્યાવર્તના અંગ્રેજી કેળવણીના કારખાનામાંથી **'Educated'** (ભણેલા)ની છાપ લઇને નીકળેલા માણસોના જીવનમાં ઉપરોકત ઉકિતનું સત્ય કેટલે અંશે નજરે પડે છે તે વિશે માણસો પોતે જ વિચારી લે એ ઠીક.

છતાં છેલ્લાં કેટલાંક વર્ષોથી આ કહેવાતા ભણેલા લોકોમાં પણ એક પ્રકારની ધર્મજિજ્ઞાસા ઉત્પન્ન થવા લાગી છે; અને એમાંના કેટલાકના જીવનની નિત્યચર્યામાં પ્રાર્થનાને એક અગત્યનું સ્થાન અપાવા લાગ્યું છે, એ એક શુભ ચિહ્ન છે. હમણાં હમણાં તો લાંબા વખતથી પ્રસંગોચિત સૂતેલા રાષ્ટ્રદેવને જગાડવા માટે પ્રભાતફેરી વગેરેનો કામચલાઉ પ્રચાર થવા લાગ્યો છે, અને કડકડતી ટાઢમાંય ખભે એકતારો ને હાથમાં મંજીરાં લઇ પોતાના ગાનથી આળસમાં સૂતેલી દુનિયાને નિદ્રાનો ત્યાગ કરી કર્તવ્યાભિમુખ થવા પ્રેરતા, નિષ્કામ, ત્યાગી અને વિરકત ફેરિયાઓનું-જગતના કલ્યાણ માટે જ જેમની વિભૂતિઓ છે તેવા સાધુ-સંતોનું દશ્ય પણ સાવ અદશ્ય

નથી થયું. આ ગાનના શ્રવણમાત્રથી એ મનુષ્યના અંત:કરણમાં ઘડીભર તો પવિત્ર ભાવ જાગે છે. તો પછી એના પ્રત્યક્ષ ગાનથી તો માણસોને કેટલો આનંદ થાય?

ઉષ:કાલ એ દેવકાલ છે. દુનિયા તમસથી કંટાળી હમણાં જાગૃત થયેલી હોય છે. અને રજસ્‌ની ધમાલ હજી દૂરથી ડોકિયાં કરતી હોય છે; આવે વખતે સ્વાભાવિક રીતે જ વાતાવરણ સત્ત્વથી ઊભરાતું હોય છે, દૈવી જીવો પોતાના ચિત્તને ઈશ્વરાભિમુખ કરવામાં આ વખત ગાળે છે. તેમના ચિત્તની પ્રશાંતવાહિતાનું પૂર કોક વાર વૈખરી દ્વારા બહાર વહેવા માંડે છે. આવે વખતે કોઈ સંસ્કારી જીવ પાસે હોય તો એને આ આનંદના ઉદ્‌ગાર ઝીલી લેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે; એનો લાભ લઈ કેટલાય દુ:ખી જીવ દિલાસો મેળવી કૃતાર્થ થાય છે.

આ નાનકડી પુસ્તિકામાં અમે, આનંદથી બેહોશ એવા એક દૈવી જીવના સ્વૈર ઉદ્‌ગારોમાંથી કેટલોક ભાગ ગુજરાતની ધાર્મિક પ્રજા આગળ રજૂ કરીએ છીએ. 'શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્' ની ગીર્વાણગર્જનાથી પોતાના ભકતજનોની આસુરી વૃત્તિઓરૂપી પિશાચોને દૂર ભગાડતા નર્મદાતટવિહારી બ્રહ્મચારી શ્રી પાંડુરંગ (**રંગ** અવધૂત) મહારાજકૃત સંસ્કૃત પ્રાત:સ્મરણ અને * કેટલાંક ગુજરાતી પ્રભાતિયાંનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પૂજ્ય મહારાજશ્રીકૃત સાયંસ્મરણાદિ સાયં પ્રાર્થના, 'શ્રીદત્ત-પંચપદી' વાંચી કેટલાક ભક્તજનોને તેઓશ્રી કૃત પ્રાત:સ્મરણાદિ પણ એક પ્રભાત પ્રાર્થનારૂપે જુદા જુદા પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય તો ઠીક એવી ઇચ્છા થઈ. આ ઉષ:પ્રાર્થના તેઓના પુણ્ય સંકલ્પનું ફળ છે.

આવા સંગ્રહની ઉપયોગિતા અને જરૂરિયાત વિશે અમારે કાંઈ પણ લખવું એ સ્વપ્રકાશનની પ્રશંસા કરવા જેવું છે; પણ અમને એટલો તો વિશ્વાસ અને શ્રદ્ધા છે જ કે એના પરિશીલન અને ગાનથી મુમુક્ષુને જ નહિ; સામાન્ય માણસને ય અપાર આનંદ અને લાભ થશે. જેમ બધાં પ્રકાશનો બધાંને માટે નથી હોતાં તેમ આ બધાંને સ્પર્શી ન શકે એ બનવા જોગ છે. ગુજરાતની ધાર્મિક પ્રજામાંથી બે પાંચને પણ એ પ્રેરણાપ્રદ નીવડે તો પણ અમારો પ્રયત્ન સફળ છે. (સંવત ૧૯૮૭, ફાગણ વદ ૧૨)

---

* પૂજ્ય મહારાજશ્રીના બૃહદ્ ભજન સંગ્રહ માટે 'અવધૂતી આનંદ' જુઓ

# અનુક્રમણિકા

પાન નં.


- શ્રીદત્તપ્રબોધસ્તવઃ ........................................ ૧
- બિરુદાવલી-ચતુષ્ટય ........................................ ૫
- મંગલ આરતી ........................................ ૬
- સમર્પણ........................................ ૭
- અથ પ્રાતઃસ્મરણમ્ (દરરોજ) ........................................ ૮


## પ્રભાતિયાં = ગાવાના ક્રમ પ્રમાણે

### * સોમવાર *


૧. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના ........................ ૩
૨. ધ્યાય હ્યત્રિજવરં જીવ કરુણાકરં ........................ ૯
૩. દત્ત દિગંબરા ઊઠ કરુણાકરા ........................૧૦
૪. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા ........................૧૧
૫. એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો ........................૧૨
૬. આવ દિગંબરા દત્ત કરુણાકરા ........................૧૫


### * મંગળવાર *


૧. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના ........................ ૩
૪. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા ........................૧૧
૭. એક આધાર કિરતારનો જગતમાં ........................૧૭
૮. ભાવથી ભજનકર હરિ તણું રટણકર ........................૧૯
૯. ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી........................૨૦
૬. આવ દિગંબરા દત્ત કરુણાકરા ........................૧૫


### * બુધવાર *


૧. ઊઠ, અઘભંજના દત્ત મુનિરંજના ........................ ૩
૪. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા ........................૧૧
૧૦. શે મુખે વર્ણવું કીર્તિ કિરતારની........................૨૨
૧૧. વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા ........................૨૩
૧૨. જૂઠમાં જિંદગી જાય નર જો વહી........................૨૪
૬. આવ દિગંબરા દત્ત કરુણાકરા ........................૧૫

## * ગુરુવાર *

પાન નં.


૧. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના.................................. ૩
૪. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા ................................ ૧૧
૧૩. ભાવ વિણ ભક્તિ નવ કામ આવે કદી ................... ૨૬
૧૪. વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો.......................... ૨૭
૬. આવ દિગંબરા દત્ત કરુણાકરા.................................. ૧૫
૧૫. દરદીનું દરદ એક દરદી જાણી શકે ........................ ૨૯


## * શુક્રવાર *


૧. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના.................................. ૩
૪. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા ................................ ૧૧
૧૬. ઊઠને મૂઢ આલસ્ય નિંદ્રા ત્યજી ............................ ૩૧
૧૭. મૂળ સંસારનું મૂઢ મન માંકડું ................................ ૩૨
૧૮. વેણુ વાગે અલી હૃદયકુંજે હરિ............................... ૩૪
૬. આવ દિગંબરા દત્ત કરુણાકરા.................................. ૧૫


## * શનિવાર *


૧. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના.................................. ૩
૪. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા ................................ ૧૧
૧૯. ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે................................ ૩૫
૨૦. હોય દેવાંશી તે દેવને ઓળખે ............................... ૩૬
૨૧. એક અક્ષર અવિનાશ વ્યાપ્યું બધે ......................... ૩૮
૬. આવ દિગંબરા દત્ત કરુણાકરા.................................. ૧૫


## * રવિવાર *


૧. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના.................................. ૩
૪. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા ................................ ૧૧
૨૨. છો સુખે નિંદતા નિંદકો હરિ મને ............................ ૪૦
૨૩. શી કરુ અર્ચના દત્ત દયાઘના................................. ૪૧
૨૪. આજ આનંદનું પૂર ઉરમાં વહે ............................... ૪૩
૬. આવ દિગંબરા દત્ત કરુણાકરા.................................. ૧૫
◆ વંદન અને રેવાગીતમ્ ........................................... ૪૪
નિજાનંદ............................................................... ૪૫
મોહે દત્તદરસકી આસ................................................ ૪૬
મૈં બૈઠા ગુરુપદ પાસ................................................. ૪૬

# શ્રીમદ્ વાસુદેવાનંદસરસ્વતીકૃત શ્રીદત્તપ્રબોધસ્તવઃ

અજિતામૃત યોગનિદ્રિતાચ્યુતશક્તે: સ્વકૃતાતિમોહિત।
દ્યુમુખે શ્રુતિબંદિગીતતો ભગવગ્જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥

નિત્યો હિ યસ્ય મહિમા ન હિ માનમેતિ
સ ત્વં મહેશ ભગવન્ મઘવન્ મુખેડ્ય।
ઉત્તિષ્ઠ તિષ્ઠદમૃતૈરમૃતૈરિવોક્તૈર્
ગીતાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્..................॥૧॥

ભક્તેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં
તલ્પં વિહાય સવિશેષવિશેષહેતોઃ।
યઃ શેષ એષ સકલઃ સકલસ્વગીતૈસ્
ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ..........॥૨॥

દૃષ્ટ્વા જનાન્ વિવિધકષ્ટવશાન્ દયાલુસ્
ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિહરોઽત્ર દત્તઃ।
અત્રેર્મુનેઃ સુતપસોઽત્ર ફલં ચ દાતું
બુધ્યસ્વ સ ત્વમિહ યન્મહિમાનિયત્તઃ .............॥૩॥

આયાત્યશેષવિનુતોઽપ્યવગાહનાય
દત્તોઽધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્।
ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્ય સિદ્ધાસ્
તસ્થુસ્તવાચમનદેશ ઈનોદયાત્ પ્રાક્...........॥૪॥

સન્ધ્યામુપાસિતુમજોऽપ્યધુનાગમિષ્ય-
ત્યાકાઙ્ક્ષતે કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્।
કૃષ્ણાતટેऽપિ નરસિંહસુવાટિકાયાં
સારાર્તિકઃ કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્.............॥૫॥

ગન્ધર્વસંજ્ઞકપુરેऽપિ સુભાવિકાસ્તે
ધ્યાનાર્થમત્ર ભગવાન્ સમુપૈષ્યતીતિ।
મત્વાસ્થુરાચરિતસંનિયતાપ્લવાદ્યા
ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્..........॥૬॥

પુત્રી દિવઃ ખગગણાન્ સુચિરં પ્રસુપ્તા-
નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તૂષાઃ।
કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂદ્યન્
તાર્ક્ષ્યાગ્રજોऽયમવલોકય તં પુરસ્તાત્...............॥૭॥

શાટીનિભાભ્રપટલાનિ સુરેન્દ્રકાષ્ઠા-
ભાગં યતીન્દ્ર રુરુધુર્ ગરુડાગ્રજોऽતઃ
અસ્માભિરીશ વિદિતો હ્યુદિતોऽયમેવ
ચન્દ્રોऽપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ.......॥૮॥

દ્વારેऽર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્યઃ
પ્રહ્લાદ એષ યદુરેષ મદાલસાજઃ।
ત્વાં દ્રષ્ટુકામ ઇતરે મુનયોऽપિ ચાહ-
મુત્તિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ .................॥૯॥

એવં પ્રબુદ્ધ ઇવ સંસ્તવનાદભૂત્સ
માલાં કમંડલુમથો ડમરું ત્રિશૂલમ્।
ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્ દધાનો
નિત્યં સ મામવતુ ભાવિતવાસુદેવઃ..........॥૧૦॥

❀ ❀ ❀

## (૧) ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના (દરરોજ)

ઊઠ અઘભંજના[૧] દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના[૨] વિશ્વમૂર્તે !
પૂર્ણ કરી કામના સત્ય કર નામના,
દુઃખ હર વામના ભવ્યમૂર્તે !! ........................ટેક

ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઈ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા........................૧

અંત અનંત ના જો હવે ચિદ્દ્ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તપ્ત? પૃથ્વી ક્ષમા,
છોડી દે અર્યમા[૩] કેમ માઝા?........................૨

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુઃખની હે તતા[૪]! બ્રિદ તારું,
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે?
કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું! ........................૩

૧. પાપનો નાશ કરનાર ૨. સંસારને જીતનાર ૩. પિતૃઓના અધિષ્ઠાતા. ૪. હે તાત !

દાર[1] ઘર વિસરી ત્વત્પદે નત હરિ!
જનિમૃતિ[2] સંહરી તાર વેગે;
ભ્રાન્ત[3] ભવકાનને શ્રાન્ત[4] શાસ્ત્રાટને,
ક્ષાળ[5] કર્દમ[6] મુને! જ્ઞાનમેઘે................૪

વિષયધૂલી ઊડે સૂઝ કંઈ નવ પડે,
આંખ ચોળી રડે જીવ હારી,
[7]વિરતિજલધારથી [8]બોધઆસારથી,
સ્વાત્મવિચારથી ઠાર હાળી[9]............૫

દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા,
આવી આખર જરા[10] કાળદૂતી;
**રંગ** શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો,
વ્યર્થ દોડી મર્યો કરમ કૂટી!...................૬ ઊ૦ઠ૦

❀ ❀ ❀

૧. સ્ત્રી ૨. જન્મ-મરણ ૩. ભૂલો પડેલો ૪. થાકેલો ૫. ધો ૬. વિષયરૂપી કાદવ
૭. વૈરાગ્ય ૮. બોધરૂપી વરસાદનાં ઝાપટાંથી ૯. (જીવરૂપી) ખેડૂત ૧૦. ઘડપણ



## પરસ્પર દેવો ભવ

એક બીજા પર દેવ દષ્ટિથી જોતાં શીખો, દાનવ દષ્ટિથી નહિ. દરેક વ્યક્તિમાં રહેલા દૈવત્વને-દૈવી અંશને પિછાનો.

**રંગ અવધૂત**

# બિરુદાવલિ-ચતુષ્ટય

૧. ૐ અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૨. ૐ સકલવિદ્યાવારિધિ-પારગ, ઋતંભરપ્રજ્ઞાપારમિત, શાસ્ત્રવિહિતાચારવિગ્રહ, રચિતાખિલદત્તવાઙ્મય, યોગશ્રી-વિલસિત-વદનામ્બુજ, ગણેશ - રમામ્બાનન્દન, પરમહંસ-પરિવ્રાજકાચાર્ય, દત્તાત્રેયાત્મક, યતિવર, શ્રીમદ્વાસુદેવાનન્દો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૩. ૐ સમસ્તજગદુત્પત્તિ - સ્થિતિ - પ્રલયકારક પરબ્રહ્માઽપરાવતાર-શ્રીમદ્-રંગાવધૂત-જનિપાલનકારણભૂતા,નાનાવિધ-ક્લેશ-કલમેષ્ટ-મિત્રમંડલસહિતા, નારેશ્વરાશ્રમ-ભારધારણ-નિપુણા, **રંગ**રાજભિક્ષાન્નપાત્ર-પૂરણ-પ્રવણાઽન્નપૂર્ણા, જગન્માતૃપદમવસ્થિતા, પરામ્બા, શ્રીમતી ભગવતી રુક્મામ્બા વિજયેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૪. ૐ અનન્તકોટિબ્રહ્માંડ-નાયક, જ્ઞાનકર્મોપાસનામાર્ગત્રય-પ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યા-પ્રદાયક, શ્રીમદ્દત્તાત્રેયાઽપરાવતાર, શ્રી વિઠ્ઠલરુક્મામ્બા-નંદન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

# મંગલઆરતી

(રાગ - મિશ્ર કલ્યાણ; તાલ-ધુમાલી)

આનંદવાજાં વાગે ગગનમાં,
ઘણણણ ઘંટા ભેરી (૨)
મંગલ આરતી થાયે મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ચિત્આનંદહેલી (૨) !! ............................ટેક

બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨),
કરે અગમગઢ કેલિ (૨)
શૂન્ય શિખર પર શબ્દ સૂણાએ (૨),
ચાલ દોડ અલબેલી (૨) !!........આનંદ૦.......૧

પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨),
ઘડુડુડુ નોબત ઘેરી (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપસરા ઘેલી (૨) !! ............આનંદ૦.......૨

થેઈ થેઈ થન્ થન્ ઘડુડુડુ ધમ્ ધમ્ (૨)
ખમા ખમા રંગ રેલી (૨),
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડબ્રહ્માંડની હોળી (૨)!!........આનંદ૦........૩

આપહી ગાવત આપ બજાવત (૨)
ફિરે આપ ફંફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ યહ ડેરી (૨)!!......આનંદ૦.............૪

બં બં ભોલા ગુરુ ગિરનારી (૨),
દત્ત દિગંબર લ્હેરી (૨),
સૂરત નૂરત બીચમેં મૂરત (૨)
દેખે **રંગ** ગુરુચેરી (૨) !!....આનંદ૦............૫

❀ ❀ ❀

## સમર્પણ

કર્પૂરપૂરેણ મનોહરેણ, સુવર્ણપાત્રોદરસંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન, નીરાજનં તે જગદીશ કુર્વે ।।
કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિંદે ભવં ભવાનીસહિતં નમામિ ।।

મંગલં ભગવાન્ વિષ્ણુર્મંગલં ગરુડધ્વજ: ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનં હરિ: ।।
સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ।।

## અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ।।

ૐ

।। શ્રીદત્તઃ પ્રસન્નોડસ્તુ ।।



## ।। શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।।

### અથ પ્રાત: સ્મરણમ્ ।

પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મકશિરસ્ત્રિતયં દધાનમ્[1] ।
ઐશ્વર્યવીર્યયશઆદિભુજૈર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ ..............................।। ૧ ।।

સર્વાત્મકં સકલવન્દિતપાદપીઠં
ભકતાનુરૂપ-ધૃતરૂપમનેકમેકમ્ ।
શાન્તં સદેકનિલયં નિલયાદિહીનં
તં વ્રાત્ય[2]વાતરશનં રસનાતિગં કમ્ ................।। ૨ ।।

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઈવ ગુણાતિગમપ્રમેયમ્।
વેદશ્વભિઃ પ્રતિદિનં બહુ શોભમાનં
ભૂતૈઃ સ્મશાનકુહરે તમતર્ક્યલીલમ્ .......................।। ૩ ।।

માયાપતિં પતિવિહીનનિરસ્તમાયં
યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।
નેતીતિ વેદનિવહાઃ ખલુ યત્ર મૂકાઃ
કોડહં સ્તવે નુ ભગવન્ પ્રણતોડસ્મ્યતો હિ ........।। ૪ ।।

**રંગેણ** વિહિતં સ્તોત્રં ચતુઃશ્લોકસમન્વિતમ્ ।
યઃ પઠેત્ પ્રાતરુત્થાય તસ્યાહઃ સુખદં ભવેત્ ।।

૧. ધારણ કરનાર ૨. સંસ્કારહીન મનુષ્ય (બહિષ્કૃત)

# સોમવાર

(૧) ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના (દરરોજ) પૃષ્ઠ નં.૩

## (૨) ધ્યાય દ્વાત્રિજવરં જીવ કરુણાકરં(સોમવાર)

ધ્યાય દ્વાત્રિજવરં જીવ કરુણાકરં
તદ્વિના કોઽપિ નો તારકસ્તે।
બ્રહ્મ સત્યં જગદ્વિદ્ધિ મિથ્યા પરં
ચિન્તયાહર્નિશં તત્ત્વમન્તે ॥.........................ધ્રુ૦

મોહરાત્રિર્ગતા જ્ઞાનદીપ્તિસ્તતા-
ઽજ્ઞાનતલ્પે વૃથા કિં નુ શેષે।
બુધ્ય કસ્ત્વં કુતો દેશિકં વ્રજ તતો
દાન્તિવૈરાગ્યતઃ શૂન્યદેશે ॥......................૧

સ્થૂલમેતદ્ વૃથા સૂક્ષ્મમન્તર્વૃથા
કારણે કા કથા તત્પરં તત્।
દ્વૈતમુલ્લંઘ્ય યત્તદ્ધિ રૂપં તુ સત્
તે ન નાનાસ્તિ ત્વત્તસ્તુ ચાન્યત્ ॥.............૨

નામરૂપે ન તે જાતિગોત્રે ન તે
કિન્ત્વહં મન્યસે મૂઢ કસ્માત્।
ન ત્વહં નાપિ ત્વં સર્વમેતત્ક્ષરં
વિદ્ધિ વિદ્યુચ્ચલં વિરમ તસ્માત્ ॥.......૩

शुक्तिरजतं यथा सर्वमेतत्तथा
भासमात्रं वृथा स्वप्नकल्पम्।
भूपतिस्त्वं वृथा भिक्षसे किं पथा
भुंक्ष्व राज्यं तताऽनन्तकल्पम् ॥..........४

तीर्थभ्रमणं वृथा शास्त्रश्रवणं तथा
नो श्रुता **रंग** यदि मौनगाथा।
सा श्रुतेस्त्यागतस्तत्त्वमस्यत्र ते
जन्म व्यर्थं गतं कोऽन्यत्राता ॥.....५ ध्याय०

❀ ❀ ❀

અર્થ માટે 'રંગહૃદયમ્' જુઓ.

## ③ દત્ત દિગંબરા ઊઠ કરુણાકરા (સોમવાર)

દત્ત દિગંબરા ઊઠ કરુણાકરા
પહાંટ ઝાલી પૂરે ઝોંપ આતા,
ભક્તજન હે ઊભે વાટ પહાતી સભે,
દર્શને દેઈ ત્યા શીઘ્ર શાતા! ...............ધ્રુવ

અરુણ તમ દૂર કરી કુંકુમેં નભ ભરી,
બાપડી હી ઉષા પદર[1] પસરી,
ગંગ ખળખળ કરી ત્વઘશેં જગ ભરી,
મંદ વાહે કશી અનિલલહરી!...........૧

૧. પાલવ

વનગંધર્વ હે સુસ્વરેં ગાઈતી,
મોર કેકારવેં નૃત્ય કરિતી,
મુનિકુલેં ગર્જતી વેદમંથરગિરા,
ઊઠ બા શ્રીધરા રાઘુ[1] પઠતી !........................૨

ષટ્પદે[2] પદ્મદલીં ગૂંજતી પ્રિયકરા,
ભેટતી હીં મુદા[3] ચક્રપિલ્લીં[4]
**રંગ** કષ્ટી ઊભા પાહૂં દે મુખપ્રભા,
લોળું[5] દે સતત બા ચરણકમળી !.............૩ દત્ત૦

❁ ❁ ❁

## (૪) જાગ્યને જોગીડા દત્ત દિગંબરા (દરરોજ)

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા,
તુજ વિના ભક્તઅઘ[6] કોણ હરશે?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો,
ધર્મસંસ્થાપના કોણ કરશે?..........................ટેક

નાસ્તિકો નગ્ન[7] થઈ વલ્ગના[8] બહુ કરે,
ઓચરે જેહ મન જેહ ભાવે;
ભક્તિ પંગુ થઈ અન્ય ખંડે ગઈ,
સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે..................૧

---

૧. પોપટ ૨. ભમરાનાં ટોળાં ૩. આનંદથી ૪. ચકવાકનાં બચ્ચાં જુવાન ચકવાકનાં જોડાં
૫. આળોટવા દે ૬ .ભક્તોનાં પાપ ૭. નિર્લજ્જ થઇ; મર્યાદા મૂકી દઇ ૮. કૂદાકૂદ

ત્યાગ-વૈરાગ્યની ઠેકડી સહુ કરે,
ભોગમાં મસ્ત થઈ જગ્ત ડોલે,
દાનવ્રતપૂજને ચિત્ત હા! નવ ઠરે;
વ્હેમ બાધા બધે સ્વૈર[1] ચાલે ....................૨

ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો,
જેહને જે ગમે તેને મુંડે;
'મુંડને મોક્ષ' એ સૂત્ર સોંઘું થયું,
વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે?............૩

આપપંથી બધા આત્મ નવ ઓળખે,
દેવને ભૂલી મંદિર પૂજે!
**રંગ** મૂંગો થઈ તુંહિ તુંહિ ઓચરે,
તું વિના આન[2] નવ કાંઈ સૂઝે!!............૪ જાગ્યને૦

❁ ❁ ❁

## (૫) એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો (સોમવાર)

એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો,
મૂકીને મૂઢ નાના[3] ઉપાસે;
એક અનંત અવિનાશી પરિબ્રહ્મને,
ભૂલીને ભૂતની દોડે વાંસે !.....................ટેક

૧. જેને જેમ ફાવ તેમ, ૨. બીજું, અન્ય. ૩.અનેક

આંખ દેખે નહિ કાન સૂણે નહિ,
ઈન્દ્રિયો સ્પર્શ ના જેહ કરતી;
તે થકી ઊપન્યુ[1] સર્વ સૃષ્ટિ વિષે,
પવન, પાણી અને તેજ ધરતી .......................... ૧

કાળ કંપે અતિ બીકથી જેહની,
તેજ ચંદ્રાર્ક જો અમિત[2] આપે,
સૂર્યનો સૂર્ય એ ચંદ્રનો ચંદ્ર એ,
દુઃખડાં દીનનાં એ જ કાપે................ ૨

પ્રેત ને પ્હાણને પૂજી પાખંડને,
પોટલાં પાપનાં કેમ છૂટે?
વ્હેમ બાધા થકી બોધ થાયે નહિ,
બોધ વિણ બંધ જનિ[3] કેમ તૂટે?.................. ૩

બીજમાં વૃક્ષ ને વૃક્ષમાં બીજ પરિ-
બ્રહ્મમાં આપ પર તેમ ફાસે;
રજ્જુભુજંગસમ[4] વિશ્વભ્રાંતિ બધી,
આદિમધ્યાંત પરિબ્રહ્મ ભાસે................ ૪

સુજ્ઞને સાન બસ અજ્ઞને[5] આણ પણ
દગ્ધને[6] ડા'પણ કોણ દેશે ?
દેખતાં આંધળો આપથી થાય જે,
તેહનો હસ્ત તે કોણ સ્હેશે?........................... ૫

૧. ઊપજ્યું ૨. અપાર ૩. જન્મ ૪. દોરડીમાં સર્પની ભ્રાંતિની માફક ૫. અણસમજુ ૬. દોઢડાહ્યો

તર્કવિતર્કનું જોર ચાલે નહિ,
પંડિતાઈ વૃથા ત્યાં તકાસે;
જ્ઞાતઅજ્ઞાતની પાર પર એ વસે,
જ્ઞાત અજ્ઞાત એથી પ્રકાશે ! ........................ ૬

જ્ઞાની મૂગા થયા મૂક બોલે ઘણું
દેખતા આંધળા અંધ દેખે !
પંગુ દોડે ઘણું દોડતા પાંગળા,
સુરિજનો[1] શૂન્યમાં આપ પેખે !!......... ૭

તેહ તું તેહ તું વેદ ગર્જી કહે,
સૂણતાં **રંગ** નર ભાન ભૂલે;
મોહપડદો ખરે, સંસૃતિભય ટળે,
ગુરુકૃપા હોય તો ભેદ ખૂલે !........................૮ એક૦

❀ ❀ ❀

૧. જ્ઞાનીઓ



**અહંનો અંચળો ફેંકી દઇ, એક નિર્દોષ**
**નિરપેક્ષ, નગ્ન બાળકની માફક,**
**નિર્દંભ દિગંબર ડિંભની જેમ એની**
**સમક્ષ ઊભા રહો, માગણની**
**માફક હરગિજ નહીં,**

**રંગ અવધૂત**

## ૬ આવ દિગંબરા દત્ત કરુણાકરા (દરરોજ)

આવ દિગંબરા દત્ત કરુણાકરા,
તુજ વિના ચેન નવ કાંઈ પડતું;
ગેહઉદ્યોગમાં[1], ચિત્ત નવ આ ઠરે,
વ્રેહના[2] દુ:ખથી નિત્ય રડતું ..........................ટેક

ખાન ને પાન મન ઝેર સમ લાગતાં
વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા;
ઊંચી અટારી ને મેડી સમશાનવત્,
શૂન્ય ખાવા ધસે ભૂતવેષા!....................૧

ગાય વિણ વાછડું દીન જ્યમ બાપડું,
ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી;
માત વિણ તોક[3] આક્રંદનો પાર નવ,
તું વિના દુ:ખથી ફાટે છાતી! ..........................૨

કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું,
મૃદ્[4] બની કેશ કાળા પખાળું!
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
અંગ પર જો ધરે તું કૃપાળુ !! ..................૩

૧. ઘરધંધામાં ૨. વિયોગ ૩. બાળક ૪. માટી

મૃગ થઈ [1]વ્યાધથી દેહ વીંધાવું આ,
અજિન[2] થઈ બેસવા કામ લાગું!
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું,
દરશ વિણ આન નવ કાંઈ માગું !!...........૪


હૃદયમંચક[3] કરી સાફ રાખ્યો હરિ,
પ્રેમજલ પાદ્યથી[4] પગ ધોઉં;
સત્યશૌચાદિ પુષ્પે કરું અર્ચના,
બાળીને કામક્રુધ ધૂપ દેઉં!..............૫

દ્વૈત ભોજન ધરું પેય અઘ[5] આગળું,
**રંગ** તાંબૂલ મુખશુદ્ધિ સારુ;
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા,
તુજ વિના જીવન લાગે ખારું !! ...............૬ આવ૦

❀ ❀ ❀

---

૧. શિકારી ૨. મૃગછાલા ૩. બાજઠ ૪. ગંધાક્ષતાદિથી યુક્ત પગ ધોવાનું પૂજાજળ ૫. પાપ ૬. વિષયાસક્તિ



ઇશ્વર એક છે, એનાં નામ અનેક છે, રૂપ અનેક છે, વસ્તુતઃ તો એનાં અનેક નામ ને રૂપ હોવા છતાં એ તો તત્ત્વતઃ અનામી અરૂપી જ છે. કોઇ પણ નામ રૂપની કેદમાં સપડાયેલો નથી.

રંગ અવધૂત

# મંગળવાર

(૧) ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના (દરરોજ) પૃષ્ઠ નં.૩

(૪) જાગ્યને જોગીડા દત્ત દિગંબરા (દરરોજ) પૃષ્ઠ નં.૧૧

## (૭) એક આધાર કિરતારનો જગતમાં (મંગળવાર)

એક આધાર કિરતારનો જગતમાં,
એ વિના શૂન્ય શમશાન ઠાલું,
દીપ વિણ ગેહ[1] જ્યમ સ્નેહ[2] વિણ દીપ જ્યમ,
પ્રાણ વિણ દેહ જ્યમ કુણપ[3] મેલું..............ટેક
દિવ્ય રચના કરી માનવી તનુ રચી,
અંગઉપાંગથી પૂર્ણ કેવી!
દુગ્ધ પેદા કરી જનનીના સ્તન વિષે,
જન્મ પહેલાં લીધી સૂધ[4] એવી!!...........૧
ચિત્ત ચિંતન કરે, બુદ્ધિ નિશ્ચય કરે,
શક્તિ એવી વળી જેણે દીધી,
તેહને ભૂલીને અન્ય વાંસળ ફરે,
રતનને છોડીને રાખ લીધી! .....................૨
આંખની આંખ જે, કાનનો કાન જે,
દેવનો દેવ જે તેહ ભૂલી,
વિષયકર્દમ[5] ચૂંથી, મોહ જાળું ગૂંથી,
શીરો મૂકી ગળી વ્યર્થ થૂલી! ...............૩

૧.ઘર ૨. તેલ ૩. મડદું ૪. સંભાળ ૫. કાદવ

શું થયું વેદવાણી બક્યાથી ઘણી?
શું થયું શાસ્ત્ર-પુરાણ વાંચ્યે?
શું થયું સ્નાન ને દાન કીધા થકી?
શું થયું તીર્થ ને પ્હાણ પૂજ્યે?..................૪

શું થયું રૂપ કાઢી થયે ફૂટડો?
શું થયું નાર કોડે રમાડી?
શું થયું હસ્તી ને વાજી[1] સવારી થકી?
શું થયું લોક અચરજ પમાડી?...........૫

શું થયું ગદ્ય ને પદ્ય રચના થકી?
શું થયું ભાષણો વ્યર્થ દીધે?
શું થયું દેશવિદેશ વિખ્યાતિથી?
શું થયું કાવ્યરસ ભૂરિ[2] પીધે? ..................૬

શું થયું મુંડ મુંડાવી ચોદિશ ભમ્યે?
શું થયું વન વિષે વાસ કીધે?
શું થયું કાય સુકાવી ઉપોષણે?
શું થયું શુષ્ક હરિનામ લીધે?.............૭

વેદના મૂળને શાસ્ત્રના સૂરને[3],
જગતકરતારને જો ન જોયો;
વ્યર્થ નર અવતરી માતૃયૌવન હરી,
**રંગ** ચિંતામણિ જન્મ ખોયો!! ..................૮ એક૦.

❁ ❁ ❁

---

૧.ઘોડો, ૨. ઘણો ૩. (૧) સૂર્ય (૨) સર્વ શાસ્ત્રોના આધારભૂત બ્રહ્માનુંભવરૂપ પ્રકાશ.
(૩) સચ્છાસ્ત્રોરૂપી વાજિંત્રોમાં ગૂંજી રહેલ જીવબ્રહ્મની એકતાનો સૂર.

## ૮ ભાવથી ભજન કર, હરિ તણું રટણ કર (મંગળવાર)

ભાવથી ભજન કર, હરિ તણું રટણ કર,
નિંદ પર છોડી દે, મૂર્ખ પ્રાણી !
કોટિ પુણ્યે કરી નરતનુ આ મળી,
તાર ચિંતામણિ એહ જાણી ........................ટેક

બાલપણ ખેલમાં, તરુણપણ મેલમાં[1]
ક્લેશમાં કામિનીસંગ ખોયું;
દામ ને ચામમાં વ્યર્થ એળે ગયું,
અંત પસ્તાવથી ચિત્ત રોયું ! ..................૧

વૃદ્ધ તનુ થરથરે, ચીતડું નવ ઠરે,
કામના ના મરે કો ઉપાયે;
માળ ગ્રહી ના ગ્રહી કાળ ઊભો સહી,
કાજ ત્યાં ના સરે મૂઢ રોયે.......................૨

હાથથી દાન કર, કાનથી શ્રવણ કર,
ગાન કર વદનથી નાથ કેરું;
સાંગ[2] છે દેહ સ્વસ્થાક્ષ[3] નર જ્યાં સુધી,
પુણ્યપંથે પળી ટાળ તેડું.....................૩

---

૧. વિષયોપભોગમાં ૨. સાજેતાજે ૩. સાબૂત ઇન્દ્રિયોવાળો

આગ લાગી ઘરે કૂપ ખણવા ફરે,
હાંસી થાએ હરે જો વિચારી;
દાર[1] ને વિત્ત ત્યાં કામ આવે નહિ,
દાસ ને દાસીની વ્યર્થ યારી..............૪

આભ ફાટ્યું તિહાં થીંગડું કોણ દે,
નાથ નટવર વિના કોણ બેલી?
**રંગ** માયા ત્યજી, ભક્તિ દૃઢ ઉર ધરી,
નાથપદકંજરત[2] થાને આલી[3]!!..........૫ ભાવથી૦

❀ ❀ ❀

## ⑨ ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી (મંગળવાર)

ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી,
જનમનાં પાપ સહુ નાખ ધોઈ;
ભક્તિ ભગવાનની, પ્રાપ્તિ નિર્વાણની,
આપથી આપને લેને જોઈ..................ટેક

કોણ તું જીવડા શેં થકી આવિયો,
મરણ પછી શી ગતિ જો વિચારી;
આદિ ને અંતમાં નાહીં, તે મધ્યમાં,
શેં હશે કાય તુજ આ વિકારી?........૧

૧.સ્ત્રી ૨. પ્રભુના ચરણકમળમાં મગ્ન ૩. હે (મનરૂપી) ભ્રમર ૪. પાણીને ૫. દી ૬. વર્ષ

## (૧૫) દરદીનું દરદ એક દરદી જાણી શકે (ગુરુવાર)

દરદીનું દરદ એક દરદી જાણી શકે,
આન મન દેખીને હાંસી આવે;
વ્રેહની ઝાળ એક વિરહી પરખી શકે,
કેલ્પના આનને અલ્પ ના'વે. ......................ટેક

રડી રડી આંખડી સૂજી થઇ રાતડી,
રાતડી જુગ સમી લાગે કારી;
નિંદ આવે નહિ જાગ ભાવે નહિ,
ઊઠબેસે તૂટી તંગ[1] મારી! ......................૧

આવ ને આવ અવધૂત દિગંબરા,
ક્યાં લગી અંત અનંત જોશે?
કંથ વિણ કામિની પંથ શેં લાધશે?
માત વિણ તોકગતિ શી જ થાશે? ................૨

આપું શું તુજને સર્વદાતા હરે?
વિધિ હરિ હર કરે તુજ સેવા!
ધ્રુવ ઉપમન્યુએ આપ્યું શું ભૂધરા,
જે થકી પામિયા મિષ્ટ મેવા? ..................૩

૧. ટાંગ, પગ

શુષ્ક કાષ્ઠે હરિ પત્ર આણ્યાં ફરી[1],
રજકને રાજ દીધું અઘારિ;[2]
સતીપતિ ઊઠવી[3] દુષ્ટ ભગ[4] ટાળિયું,
એકલો **રંગ** કાં દીધ વિસરી?............ ૪

કોટિ દોષે કરી પૂર્ણ હું નરહરિ,
તુજ તણો જગતમાં દાસ કહાઉં;
માર કે તાર તુજ દ્વાર આવી ખડો,
લાજ જાશે યદિ[5] ખાલી જાઉં!........પ દરદીનું.


✤ ✤ ✤

---

૧. મહારાષ્ટ્રમાં થઇ ગયેલ દત્તાવતાર શ્રીપાદશ્રીવલ્લભ અને નૃસિંહસરસ્વતીની લીલાઓનું સૂચન છે. જુઓ : શ્રીગુરુલીલામૃત (ભાગ - ૨)૨. પાપનો નાશ કરનાર ૩. સજીવન કરી ૪. પ્રારબ્ધ, નસીબ ૫. જો

મેં મારો સંદેશ એક જ ટૂંકા સૂત્રમાં આપી
દીધો છે કે **श्वासे श्वासे दत्तनाम स्मरात्मन्।**
કલ્યાણકાંક્ષી હે જીવ ! પ્રતિશ્વાસ શ્રી દત્તનું-
જેણે તને બધું આપ્યું છે તે પરમાત્માનું
નામસ્મરણ કર. હંમેશાં પ્રભુની યાદમાં
જીવન વ્યતીત કર.

રંગ અવધૂત



નામની આશમાં વ્યર્થ કાં ભટકતો?
કીચડે કાંચન ક્યાંથી હોયે?
તોયને[1] મંથતાં તૂપ[2] નહિ નીસરે,
અબ્દ[3] હજાર જો તું વલોવે! ..................૨

ઉપલ[4] અગ્નિ તાણો જોગ જાણ્યો ઘણો,
જુક્તિ વિણ મુક્તિ નવ હાથ આવે,
અલ્પ મતિ આંધળી આત્મ નવ ઓળખે,
વેદિયાં ઢોર[5] તે ત્યાં ન ફાવે!............૩

મસ્ત કો ભેદીઓ[6] આપ પર વેદીઓ,[7]
જાણતો દસ્ત[8] જો **રંગ** પકડે,
મોહઘૂંઘટ ખરે, શોકશંકા ટળે,
શાંતિ-સુખ પ્રજજ્વળે આપ મેળે!!............૪ ઊઠને૦


❁ ❁ ❁

## (૬) આવ દિગંબરા દત્ત કરુણાકરા (દરરોજ) પૃષ્ઠ નં. ૧૫

પૃષ્ઠ નં. ૧૫

❁ ❁ ❁

૧. પાણીને ૨. ઘી ૩. વર્ષ ૪. પથ્થર ૫. પઢતમૂર્ખ (learned fools) ૬. ભેદુ ૭. જાણકાર, જ્ઞાની ૮. હાથ



કોઈ પણ પ્રાણીનો દ્રોહ ન કરો. સત્ય,
અહિંસા વગેરે દૈવી ગુણોનું આચરણ
કરો. પ્રાણીમાત્ર તરફ પોતાની જાતની
માફક જુઓ ને સર્વત્ર કરુણાથી
પોતાનું અંતઃકરણ ભરી દો.

રંગ અવધૂત

# બુધવાર

(૧) ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના (દરરોજ) પૃષ્ઠ નં.૩

(૪) જાગ્યને જોગીડા દત્ત દિગંબરા (દરરોજ) પૃષ્ઠ નં.૧૧

## (૧૦) શેં મુખે વર્ણવું કીર્તિ કિરતારની (બુધવાર)

શેં મુખે વર્ણવું કીર્તિ કિરતારની ?
નેતિ નેતિ કહી વેદ થાક્યા;
સહસ્રદ્વય જીભથી શેષ વર્ણી રહ્યા,
શેષ નવ ગુણતણું તોએ પામ્યા!......................ટેક
    પિંડ બ્રહ્માંડની ખંડ રચના કરી,
    લક્ષ ચોરાસી યોનિ બનાવી;
    ખાદ્ય ને પેય વળી અવનવું ત્યાં રચ્યું,
    એકથી એક છે દિવ્ય ભારી ......................૧
રવિ શશી તારલા વ્યોમ[૧]માંહે ભર્યા,
મેઘમંડળ તણાં જૂથ ન્યારાં;
આભ વણથંભ અદ્ધર ધરી રાખિયું,
પ્હાડથી નીસરે વારિધારા! ............................૨
    દિવસ ને રાત ઋતુકાળ નિશ્ચય કર્યો,
    સર્વમાં દીસતી એક માઝા;
    પવન ને પાણીની જોડ સાધી ઘણી,
    એકથી સરજીયા ઘાટ ઝાઝા......................૩

૧. આકાશ

બિંદુથી સિંધુ નિર્માણ કોટિ કીધા,
નિયમથી બદ્ધ કરી તેહ થાપ્યા;
બાજી સારી રચી ખેલતો રચીપચી,
દેખીને સુરવરો[1] મોહ પામ્યા ................૪

અકળ ગતિ તાહરી, મતિ ન ચાલે હરિ !
મૌનમાં મુનિજનો મોજ માણે;
**રંગ** કરગરી પડી પાંવ તુજ નરહરિ,
તું વિના આન નવ વેણ આણે !.......૫ શેં મુખે૦.

❀ ❀ ❀

## ⑪ વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા (બુધવાર)

વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા,
રાખની આશમાં લાખ ખોયા;
દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા,
મોહિની જાળમાં સર્વ મોહ્યા ................ટેક

પેટની વેઠમાં રાત - દિન આથડે,
શેઠની ભેટ નવ ક્યાંય થાતી;
આયુ એળે ગઈ, કરમકથની રહી,
રોઈ રોઈ થઈ આંખ રાતી..............૧

ગંગકાંઠે રહી તૃટ્[2] થકી તડફડે,
બીકથી ફડફડે જીન મેલો,
કલ્પવૃક્ષે વસી ભૂખથી ટળવળે,
ભીખથી હરખતો જીવ ઘેલો.................૨

૧.દેવો ૨.તરસ

કહાન મન ના ઠરે, કામિની ચિત હરે,
ભોગમાં ભગ્ન થઈ અંત કાયા,
પિંડપોષણ કરી પાપ પૈસો રળી,
નિરયમાં[1] નાંખતી **રંગ** માયા...........૩

મન માર્યા વિના મુક્તિ નવ સાંપડે,
શુક્તિ[2] જાણ્યા વિના ભ્રમ ન જાયે,
ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ આકળે,
ભવવ્યથા ના શમે કો ઉપાયે........૪ વિષયની૦

✤ ✤ ✤

## (૧૨) જૂઠમાં જિંદગી જાય નર જો વહી (બુધવાર)

જૂઠમાં જિંદગી જાય નર જો વહી,
પાણીનું પૂર જ્યમ જાય દરિયે,
દિવસ ને રાત ઋતુકાળ ઝટપટ વહી,
જાય છે, ચેત નર મૂઢ જરીએ!......ટેક

શઠ તણી સંગતે સંતનિંદા કરી,
સાધુકૂથલી કરી મોજ માણે
દેવ ને ધર્મની ઠેકડી બહુ કરી,
આપને અન્યથી સુજ્ઞ[3] માને!....૧

૧. નરકમાં ૨. છીપ ૩. ડાહ્યો

દામની દોડમાં કામિની સોડમાં,
નામની નેમમાં જીવન ખોતો;
પરદોષે કરી સૂક્ષ્મદષ્ટિ હરી!
આપની[1] એબમાં અંધ થાતો!............૨

સત્ય મુખ નવ ગમે અનૃતે[2] મન રમે,
ભ્રાન્તિમાં ચિત ભમે દિવસરાતી;[3]
પરધન દાર પરની તકાસે અતિ,
દાનમાં નવ ધરે પાઈ રાતી.........૩

દેહને અમર માની રમે વિષયમાં,
દમનને[4] ઢોંગ માની વખોડે;
આપપંથે પળી આત્મહત્યા કરી,
પાપનાં પોટલાં બાંધે કોડે[5]............૪

આખર આકરી ચેત મન વાઘરી,
કાળ મન લેશ કરુણા ન આવે;
માર મારે અતિ શરણ એક શ્રીપતિ,
**રંગ** વકીલાત નવ અન્ય ફાવે!... ૫ જૂઠમાં૦

❀ ❀ ❀

(૬) આવ દિગંબરા દત્ત કરુણાકરા (દરરોજ) પૃષ્ઠ નં.૧૫

❀ ❀ ❀

૧. પોતાની જાતની. ૨. અસત્યમાં ૩. રાત ૪. ઇન્દ્રિયનિગ્રહ ૫. હોંશે

# ગુરુવાર

(૧) ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના (દરરોજ) પૃષ્ઠ નં.૩

(૪) જાગ્યને જોગીડા દત્ત દિગંબરા (દરરોજ) પૃષ્ઠ નં.૧૧

## (૧૩) ભાવ વિણ ભક્તિ નવ કામ આવે કદી (ગુરુવાર)

ભાવ વિણ ભક્તિ નવ કામ આવે કદી,
ભૂખ વિણ ભાખરી વ્યર્થ ઝેરી;
સ્નેહ[૧] વિણ દીપકળી કેમ ઓપે સહી,
ક્લીબની[૨] વલ્ગના ગગનઘેરી!........................ટેક
    પ્રેમ ત્યાં નિત્ય પરમેશ હાજર ખડો,
    ઢોંગથી ઢૂકડો દૂર નાસે;
    નાટકી ઠાઠથી કાટ નવ નીસરે,
    કામ ત્યાં રામ કદીયે ન ભાસે!..............૧
ઠાઠ ઉપર કર્યો મેલ માંહે ભર્યો,
ખેલ ખેલાડીનો પેટ ભરવો;
હરિ હરિ રાતદિન મુખ થકી ઓચર્યો,
આંસુ પાડી મૂવો ભાંડ ભડવો. ...................૨
    કૂડ ને કપટ કુકર્મ માંહે ભર્યા,
    બહારથી તિલક ને છાપ દીધાં;
    માળ ને ટાળથી[૩] મૂઢ જન છેતર્યા,
    મીઠડી વાણીથી કવન કીધાં!!...............૩

---
૧.તેલ, ૨. નપુંસક, ૩. કરતાલ

પિયુ પિયુ ઓચરી વન બપૈયો મૂવો,
પિયુ તણો શોધ[1] નવ ક્યાંય લાગ્યો;
કાળની જાળમાં અંત જઈ સાંપડ્યો,
પાંખ ફફડાવીને વ્યર્થ રોયો!..............૪
ભજન અમૃત તણું અશન[2] વિષનું ઘણું,
અમર તે કાય તુજ કેમ થાશે?
ગાન મુખ રામનું ધ્યાન તો દામનું,
ચામનું, **રંગ** ક્યમ મુક્તિ થાશે?........૫ ભાવ૦

✤ ✤ ✤

## (૧૪) વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો (ગુરુવાર)

વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો
વિષયપુષ્પે ભમે મૂઢ ઘેલો;
રૂપ ને રંગમાં મોહી ખળસંગમાં,
આયુ એળે ખુએ રાંડચેલો.................ટેક
શ્વાનને હાડથી પ્રીત લાગી ઘણી,
દ્વેષથી ઝાડની ઓથે ધાએ;
દાઢથી સ્રાવ જે થાય તે હાડનો,
માની મનમાં અતિ ખુશ થાએ.........૧
સ્વાત્મસુખ પરિહરી નિઘ્નઈન્દ્રિય[3] થઈ,
આપથી આપને મૂઢ બાંધે;
અંત જર્જર થઈ કાળજાળે પડી,
મત્સ્ય સમ તરફડી પ્રાણ કાઢે!.............૨

૧. શોધ શબ્દ પુંલિંગ ને સ્ત્રીલિંગ બંને છે. ૨.ખાણું ૩. ઈન્દ્રિયોને વશ

ભક્તિ મન ના ગમે ભાંડભવાઈ રમે,
ખાન ને પાનમાં મસ્ત રહેતો;
રાનમાં અંત જઈ રાખ થઈ લેટતો,
ફરી ફરી ગર્ભમાં દુઃખ સહેતો!............૩

કીટ[1] કર્મે કરી વમળમાં જઈ પડ્યો,
એકથી અન્યમાં એ તણાએ;
દેખે દયાળુ તો બહાર કાઢી મૂકે,
વૃક્ષ નીચે ઠરી શાંત થાએ...........૪

એમ સદ્‌ગુરુ તણી દૃષ્ટિ જો નર પડી,
ભ્રમણપરંપરા તો જ ખૂટે;
શાંતતટ હાથ લાગે ફરી પુણ્યનો,
ઉદય જો થાય તો બંધ તૂટે ...............૫

ચેત ને ચેત નર નરક ખર કાં ચુંથે,
વીતી વેળા નહિ હાથ આવે;
વાસના-વસ્ત્ર મેલાં ત્યજી, નાથને
**રંગ**ના પ્રેમથી નિત્ય ગાએ !.......૬

સાર નરદેહનો એ જ શાસ્ત્રે કથ્યો,
સુરિજનો[2] એહમાં મોજ માણે,
જે મુખ રામ નહિ ધૂળ મુખ એ પડી,
શ્વાન સૂકર[3] સમો જન્મ તાણે...............૭ વિષયની૦

❀ ❀ ❀

(૬) આવ દિગંબરા દત્ત કરુણાકરા (દરરોજ) પૃષ્ઠ નં.૧૫

❀ ❀ ❀

---

૧. કીડો ૨. જ્ઞાનીઓ ૩. ડુક્કર

કેસરી[1] કંઠ કોઈ ઘંટ જઈ બાંધતું,
નાગને નાથ ઘાલે મદારી;
સ્હેલ છે ખેલ સહુ એહ બાજીગરી,
મનહરિ[2]-બંધને સર્વ હારી!..................૨

મત્ત ગજરાજના[3] દંત જીવતાં સહે,
મકરની[4] દાઢથી કાઢે મોતી;
અલ્પ મન આગળે દાળ સીજે નહિ,
ભલભલાની મતિ ત્યાંહ રોતી!........૩

હઠ[5] અને રાજથી મંત્રલયસાજથી,
વ્રતજપાદિ થકી કોઈ મથતું,
તીવ્ર ઉપોષણે ઈન્દ્રિયો મથી ઘણી,
સાધના ફરી ફરી કોઈ કરતું .................૪

ધ્યાન-અભ્યાસથી વિરતિ-અસિધારથી[6],
નાદસંધાનથી સુરતી જોડે;
ગુરુતણી સેવથી ઈશની મ્હેરથી,
મન તણાં મૂળ તો તેહ તોડે..........૫

ઊર્મિ[7] ઊઠે જરી બ્રહ્મસાગર મહીં,
ફેલતાં ફેલતાં નષ્ટ થાએ!
વૃત્તિ ખેચરી[8] કરી નામરૂપ વિસરી,
**રંગ** રંગે હરિ કો સમાએ!! .................૬ મૂળ૦

❋ ❋ ❋

૧. સિંહ ૨. મનરૂપી વાંદરું અથવા સિંહ અથવા ઘોડો ૩. હાથી ૪. મગર
૫. હઠાદિ યોગના પ્રકાર છે ૬. વૈરાગ્યરૂપી તલવારની ધારથી ૭. તરંગ ૮. નિરાલંબ

## (૧૮) વેણુ વાગે અલી ! હૃદયકુંજે હરિ (શુક્રવાર)

વેણુ વાગે અલી ! હૃદયકુંજે હરિ,
રાસ રમતા કરી વિવિધ લીલા;
બોંતેર સહસ્ર સાહેલી ટોળે કરી,
પ્રેમરસ પાઈને પીતા ઘેલા................ટેક

દશ લટકાં કરે ત્રણ ઠમકે ઠરે,
એક સુરતીબળે કા'ન ખેંચે;
વિવિધ વસ્ત્રો સજી ચોરાસી ફેરા ફરે,
મધ્યમાં કાળિયો નાચ નાચે..........૧

એક નીચી નમે બીજી મધ્યે ભમે,
ત્રીજી આકાશમાં અધર ઊડતી;
એક વળી ચક્રમાં ફરી ફરી દોડતી,
એક તટસ્થ રહી હાસ્ય કરતી..............૨

એક પ્રતિબિંબને જોઈને રાચતી,
એક આલિંગતી ખાલી છાયા;
એક વળી નાદમાં ભાન ભૂલી ભમે,
એક તેજે કરી બાળે કાયા..........૩

સ્વાન્તવૃંદાવને[૧] વૃત્તિગોપી મળી,
કાનુડો આત્મ નટરાજ ખેલે,
પલકમાં ખલક અનંત પેદા કરે,
મત્ત આનંદમાં **રંગ** રેલે....................૪ વેણું૦

❀ ❀ ❀

(૬) આવ દિગંબરા દત્ત કરુણાકરા (દરરોજ) પૃષ્ઠ નં.૧૫

❀ ❀ ❀

૧. અંતઃકરણરૂપી વૃન્દાવનમાં. આ આખા પ્રભાતિયામાં ટૂંકમાં શ્રીકૃષ્ણ અને ગોપીઓની લીલાનું આધ્યાત્મિક રહસ્ય વર્ણવ્યું છે.

# શનિવાર

(૧) ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના (દરરોજ) પૃષ્ઠ નં.૩

(૪) જાગ્યને જોગીડા દત્ત દિગંબરા (દરરોજ) પૃષ્ઠ નં.૧૧

## (૧૯) ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે (શનિવાર)

ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે,
ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે;
ભક્તિનાવે ચઢી ભક્ત ભવને તરી,
નિજ સ્વરૂપે હરિ તે જ થાશે........................ટેક

કોટિ તીર્થો કીધાં પંચગવ્યો પીધાં,
મન તણો મેલ તોયે ગયો ના;
હંસ મોતી ચરે કાક વિષ્ઠા ગળે,
દૈવને દોષ દે મૂઢ નાના..........................૧

દર્દ અંદર થયું ઉપર ઓસડ કર્યું,
મન તણો મેલ કયમ તન ટાળે ?
અંધતમ[૧] કજ્જલે ના ટળે કો સમે,
દીપ પ્રગટ્યા વિના પ્રભ[૨] ન થાએ....................૨

ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ સાંપડે,
બ્રહ્મ જાણ્યા વિના ભય ન જાયે;
સંતસેવા વિના વાટ નવ એ જડે,
માન[૩] મૂક્યા વિના ભાન ના'વે.....................૩

૧. ગાઢ અંધકાર ૨. પ્રકાશ ૩. અભિમાન

મન માર્યા વિના મુક્તિ ભેટે નહિ,
શાંતિ પામે નહિ સોડ તાણ્યે,
સત્ય અસત્યની જુક્તિ જાણ્યા વિના,
**રંગ** ભવપીડ તે કેમ જાયે?....................૪ ભેદ૦

✤ ✤ ✤

## ૨૦ હોય દેવાંશી તે દેવને ઓળખે (શનિવાર)

હોય દેવાંશી તે દેવને ઓળખે,
ભૂત ભક્તિ કરે ભૂત[૧] કેરી;
કાગને મોતીડાં કંઠ નવ ઊતરે,
નરક દેખી ચળે જીભ મેલી. ..............ટેક

પતિવ્રતા હોય તે કંથને પૂજતી,
વારવનિતા[૨] વરે જાર દેખી;
ભક્તને અન્ય ભગવાન વિણ નવ ગમે,
દૂર દોડે ડરી દંભ પેખી. .............૧

સિંહશિશુ ગર્દભી-દૂધ નવ તે પીએ,
છો મરે ભૂખથી નિબિડ રાને[૩];
દેવપ્યાસી મને દેહદુગ્ધા નહિ,
રીઝતો નવ કદી વિષયપાને...............૨

૧. પંચમહાભૂતોની ૨. વેશ્યા ૩. ઘોર જંગલમાં

# શુક્રવાર

(૧) ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના (દરરોજ) પૃષ્ઠ નં. ૩

(૪) જાગ્યને જોગીડા દત્ત દિગંબરા (દરરોજ) પૃષ્ઠ નં. ૧૧

## (૧૬) ઊઠને મૂઢ આલસ્ય નિદ્રા ત્યજી (શુક્રવાર)

ઊઠને મૂઢ આલસ્ય નિદ્રા ત્યજી,
સમરી લે શ્રીહરિ ભાવભૂખ્યા;
નરતનુ આ મળી કોટિ પુણ્યે કરી,
મુક્તિ લેને વરી, કરમફૂટ્યા!........................ટેક
લાલ[૧] વેચી કરી કાચ લે જ્યમ કપિ[૨],
વિષ્ણુ મૂકી ક્યમ વિષય ખોળે?
ત્યાગી સુરસિંધુ[૩] મૃગનીર[૪] વાંસળ ભમે,
અમૃત મૂકી કાં ગરલ[૫] ઘોળે?.................૧
અગ્નિ ઘૃતથી કદી શાંત દીઠો નથી,
વાસના ભોગથી નવ વિરામે;
વિરતિવારિ[૬] થકી વાસનાદવ શમે,
શાંતિ સુખ સંયમે આપ પામે........................૨
એકથી એક મૂવા[૭] મતિ જ્યાં ફરી,
પાંચથી શી ગતિ થાશે તારી?
ચેત રે ચેત જીવ પેખ શિવ અંતરે,
ભીતિ ભવ જે હરે મન્મથારિ[૮]!............... ૩

---

૧. રત્ન ૨. વાંદરો ૩ ગંગા ૪. ઝાંઝવાંનું જળ ૫. ઝેર ૬. વૈરાગ્યરૂપી પાણી ૭. મૃગ શબ્દથી. હાથી સ્પર્શથી એમ એક એક વિષયથી એક એક જણ ૮. કામદેવનો નાશ કરનાર.

વારિબુદ્‌બુદ[૧] સમી કાય ભંગુર[૨] ઘણી
ફૂટતાં વાર નવ અલ્પ લાગે;
કાળ ઠાડો[૩] શિરે આયુ ક્ષણ ક્ષણ હરે,
વાયદો વણિકનો ત્યાં ન ચાલે!..............૪

રાય ને રંક સહુ માટી ભેળા મળ્યા,
કર્દમે જઈ કળ્યાં મૂઢ પ્રાણી
જે નર જાગિયા ભક્તિપંથે પળ્યા;
**રંગ** શિવમાં ભળ્યા વિબુધ[૪] જ્ઞાની !.....૫ ઊઠને૦

✤ ✤ ✤

## ⑰ મૂળ સંસારનું મૂઢ મન માંકડું (શુક્રવાર)

મૂળ સંસારનું મૂઢ મન માંકડું,
વિષયવૃક્ષે ભમે સ્વૈર ઘેલું;
ના ઠરે એક પલ, એકથી અન્ય પર,
દોડતું દિવસ ને રાત મેલું.................ટેક

અદ્રિ[૫] કર પર ધરે, અબ્ધિ[૬] શોષણ કરે,
અગ્નિજ્વાળા ગળે સિદ્ધ કોઈ;
આભમંડળ ઊડે, આપ[૭] અમૃત કરે,
રાખ[૮] ચિંતામણિ રત્ન સોઈ............૧

૧. પાણીનો પરપોટો ૨. નાશવંત ૩.ઊભો ૪. આત્મબોધન ૫. પર્વત ૬. સમુદ્ર
૭. પાણી, ૮.ભસ્મ, રાખોડો

ચંદ્ર ચકોર શું પ્રીત લાગી મને,
તેહની ગત જતિ તે જ જાણે;
અન્ય મતિ મોહમાં અંધ થઈ આથડે,
કીચડે કાચબો મોજ માણે..............૩

દ્વિજગણો[૧] અર્ક[૨] દેખી મને રીઝતા,
ઉલ્લૂ[૩] ઓથે ભમે તમવિહારી[૪];
સંસૃતિ[૫]-પૂજકો સંસૃતિમાં ભમે,
ચોરને મન ગમે રાતી કાળી.........૪

કો નમે નામને કો નમે દામને,
ચામ દેખી મને કોઈ માતું !
જેહને જેહની સાથ લગની લગી,
તેહનું મન તેમાં જ રાતું !!.............૫

નામ ને રૂપમાં સૃષ્ટિ સારી રમે,
નામી અરૂપ છે દિવ્ય **રંગા**;
પાસ છે પ્રેમીને આઘે અધર્મીને,
હૃદયમાં દેવ જો દિલ ચંગા ! ........૬ હોય૦

✤ ✤ ✤

---

૧. પક્ષીઓ ૨. સૂર્ય ૩. ઘૂવડ ૪. અંધારે ફરનારું ૫. સંસાર.

## ૨૧ એક અક્ષર અવિનાશ વ્યાપ્યું બધે (શનિવાર)

એક અક્ષર અવિનાશ વ્યાપ્યું બધે,
તે જ તું તે જ તું વેદ બોલે;
આંખ ખોલી સખે દેખ અંદર હૃદે,
શ્વાસશ્વાસે પ્રભુ કોણ બોલે ?...................ટેક

શુદ્ધ તું બુદ્ધ તું મુક્ત તું પ્રાણિયા,
બંધને કાં પડે આપમેળે?
અજ[1] અવિનાશ અક્ષર બધે વ્યાપિયો,
જળથળે આપથી આપ ખેલે.................૧

શરીર મન ઈન્દ્રિયોથી અતિ વેગળો
પંચભૂતો થકી ના પમાએ;
સૃષ્ટિ મુજરો કરે સૃષ્ટિકર્તા તુને,
કુન[2] થકી તુજની મોત ધાએ....................૨

જન્મ ને મૃત્યુ એ કલ્પના તાહરી,
પાપ પુણ્યો ડરી પાસ ના'વે;
ચંદ્ર ને સૂર્ય બે ગેંદથી ખેલતો;
દિવસરાતી કરી જગ નચાવે ! ..............૩

૧. અજન્મા ૨. આજ્ઞાથી

કોટિ બ્રહ્માંડ પેદા કરી પલકમાં,
પલકમાં લય કરે આત્મ માંહે;
આદિ અંતે બધે એક નિર્મળ હરિ,
મધ્યમાં નાટકી સ્વપ્ન સોહે..................૪

ઊઠ જાગ્રત થઈ સ્વપ્નસુખ પરિહરી,
સદ્‌ગુરુપદ ગ્રહી જાણ **રંગા;**
મોહનિદ્રા ત્યજી જ્ઞાનજાગૃતિ વરી,
આત્મધન સંગ્રહી ભવભંગા !............૫ એક૦

✤ ✤ ✤

(૬) આવ દિગંબરા દત્ત કરુણાકરા (દરરોજ) પૃષ્ઠ નં. ૧૫

✤ ✤ ✤

---
૧. આજ્ઞાથી



મૌન એ ખરેખર મુમુક્ષુને માટે અત્યંત શક્તિદાયક છે...બહુ બોલવાથી શક્તિનો વ્યય થાય છે અને મનનું ચાંચલ્ય વધે છે.

રંગ અવધૂત

# રવિવાર

(૧) ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના (દરરોજ) પૃષ્ઠ નં.૩
(૪) જાગ્યને જોગીડા દત્ત દિગંબરા (દરરોજ) પૃષ્ઠ નં. ૧૧

## (૨૨) છો સુખે નિંદતા નિંદકો હરિ મને (રવિવાર)

છો સુખે નિંદતા નિંદકો હરિ મને,
લાજ મારી તને દેવદેવા;
ભક્તિમાં ભ્રષ્ટતા દેખશે દુરિજનો,
ઊલટ આણી કરું તુજ સેવા ......................ટેક

સ્નાન ને ધ્યાનની વાત જાણું નહિ,
પાઠપૂજા વિષે મતિ ન ચાલે;
વેદ ને શાસ્ત્ર ગમ દોડવું શી ગતે ?
સૂત્ર ખેંચે ત્યમ દેહ હાલે..................૧

હીન ને દીન પણ તાહરો શ્રીધરા,
દત્ત જોગીશ્વરા દાસ કહાઉં;
શ્વાન શ્રીમંતનું માન પામે ઘણું,
ત્વદ્યશોગાનથી ધન્ય થાઉં.........................૨

ત્રિશૂલ કરમાં ગ્રહી ત્રિગુણ મમ સંહરી,
'હું અને માહરું' નાખ છેદી;
જ્ઞાનજલ ઘૂંટડો પાઈ કરતુંબીથી,
ચક્રથી ચક્ર ભવ નાખ ભેદી................૩

મંત્ર માળા ગ્રહી પ્રણવ ડમરુ સહી,
કર્મનાં ભૂતને દે ભગાડી;
શંખહુંકારથી ભસ્મ ભીતિ કરી,
પાપ ને પુણ્યને દે નસાડી. ..............૪

કંઈક પંથે પળ્યા, કંઈક તુજમાં ભળ્યા,
કંઈકનાં ગાન તે દેવ ગાતા;
**રંગ** ભિખારી ભારે થયો શું પ્રભો !
ક્યાં લગી અંત જોશે વિધાતા?........૫ છો સુખે૦

✤ ✤ ✤

## (૨૩) શી કરું અર્ચના દત્ત દયાઘના? (રવિવાર)

શી કરું અર્ચના દત્ત દયાઘના?
તું વિના કાંઈ નવ આન ભાસે;
દેહમંદિર વિષે આત્મ થઈ તું વસે,
બુદ્ધિવૃત્તિ વિષે તું જ કાસે[1]. ...............ટેક

શૂન્યમાં શબ્દ તું વાતમાં સ્પર્શ તું,
તેજમાં રૂપ તું પ્રેમઘેલા;
વારિમાં[2] રસ થઈ પૃથ્વી ગંધે ભરી,
રૂપરૂપે રહી કરત લીલા...........૧

૧. પ્રકાશે ૨. જળમાં

કોઈ નિર્ગુણ કહે સગુણ કો મન ધરે,
ગુણગુણાતીત છે રૂપ તારું;
દ્વૈત અદ્વૈતની વાતથી વેગળું,
સમરસે રૂપ તુજ દિવ્ય ન્યારું !..........૨
    મોજું ચૈતન્યનું માનવી મન અણુ,
    નામરૂપે કરી નૃત્ય કરતું;
    કોટિ રૂપો ધરી આપથી રાચતું,
    અંત અબ્ધિ[૧] વિષે શાંત થાતું........૩
ખેલ ખેલાડી તું ગુપ્ત રૂપે રહી,
જ્ઞાનદષ્ટિ વિષે પ્રગટ થાતો;
દેખીને સંતા-કૂકડી તાહરી,
વિધિ[૨]હરિહર મને હરખ થાતો!..........૪
    કોઈ સ્રષ્ટા[૩] કહે, કોઈ ભર્તા કહે,
    કોઈ સંહારથી શરણ લેતું;
    સૃષ્ટિ સ્રષ્ટા તણું ઐક્ય નિહાળીને,
    કોઈ એકેશ્વરી ગાન ગાતું !..........૫
બે નહીં એક ત્યાં શબ્દ ક્યમ નીસરે?
વાણી વિરામતી આત્મદેવા;
હું અને તું તણી ગોઠડી ગુમ થઈ,
મૌનમાં રંગ મન મિષ્ટ મેવા !!..........૬ શી કરું૦

✤ ✤ ✤

૧. સમુદ્ર ૨. બ્રહ્મા ૩. બ્રહ્મા

## ૨૪ આજ આનંદનું પૂર ઉરમાં વહે (રવિવાર)

આજ આનંદનું પૂર ઉરમાં વહે,
છોળ બ્રહ્માંડમાં ના સમાએ;
ચિત્ત ચૈતન્યરૂપે થયું પલકમાં,
ખલકનું નામ ત્યાં ના જણાએ..........ટેક

ચેત્ય ચૈતન્યનું નામ ના ત્યાં અણુ,
ગેય ગાનારનું વ્યર્થ ગાણું;
એક અનેક રૂપે અરૂપી થયું,
ઘટમઠે વ્યોમ જ્યમ ભવ્ય ન્હાનું......૧

મોજું અર્ણવ[1] મળ્યું આપ અર્ણવ થયું,
નાચવું ના રહ્યું નામદરિયે;
તેડું જમનું ટળ્યું માન મનનું ગળ્યું,
આપ પર પરવર્યું તેજ ઝડીએ. ...........૨

શૂન્યમાં સહુ મળ્યું આપ અળગું રહ્યું,
શૂન્યસાક્ષી લહ્યું આપ આપે;
બોલવું ના રહ્યું બોબડું સહુ કહ્યું,
કો લહે શું થયું મૂળ છાપે?........૩

ના થયું ના ગયું જેમનું ત્યમ રહ્યું,
**રંગ** કાંચન સમું ઘાટઘાટે;
ના લહી જાણવું આપ અંગે થવું,
કાં વૃથા દોડવું સ્વપ્નહાટે?.............૪ આજ૦

✤ ✤ ✤

૬ આવ દિગંબરા દત્ત કરુણાકરા (દરરોજ) પૃષ્ઠ નં.૧૫

✤ ✤ ✤

[1] સમુદ્ર

## વંદન

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું;
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે !
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે !

# અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત

શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજ કી જય !
ભગવતી રુકમામ્બા માત કી જય !
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ કી જય !
ગુરુદેવદત્ત ! ગુરુદેવદત્ત !! ગુરુદેવદત્ત !!!
નર્મદે હર !

## રેવાગીતમ્

ગાયતિ રેવા રવ-મધુરમ્ ॥ધ્રુવ॥
હર હર ૐ ૐ, હર હર ૐ ૐ। હર હર ૐ ૐ હર હર ૐ।
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં, હર હર ૐ ૐ, સતતમિતિ ॥ ગાયતિ૦.૧
મેકલજાતા મનસિ વિભાતા। રૌતિ[૧] કલં કિમપીહ ચિરમ્।
ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં। ત્વમહમહં ત્વં, ત્વમહમિતિ ॥ ગાયતિ૦.૨
તડિદુજ્જ્વલજલ[૨]મુખતઃ સ્તૌતિ। નીરજં નાનારગમ્ ।
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદં જલશીકરવદભિન્નમિતિ ॥ ગાયતિ૦.૩

નર્મદા માત કી જય

૧. અવાજ કરે છે. ૨. વીજળીના જેવી સફેદ

# નિજાનંદ

(રાગ - મિશ્ર કાફી-ગઝલ, તાલ-દીપચંદી)

પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને?
પીધું આકંઠ[1] અમૃત તે, કરે કાંજી વૃથા શાને?...........ટેક

મળી વટવૃક્ષની છાયા, નિદાઘે[2] તાડ કાં ઢૂંઢે? (૨)
ભર્યા કોઠાર રત્નોના ગૃહે, કાં પથ્થરો ફોડે?...પ્રભુ૦...૧

ગૃહે સુરધેનુ[3] કાં દોડે, ગૃહોગૃહ તક્રને માટે? (૨)
વહે ગંગા નિજાંગણમાં, ભમે કૂવે એ શા માટે?..પ્રભુ૦.....૨

શરદ પૂનમ તણી રાતે, અકર્મી આગીઓ ખોળે; (૨)
થવા ઉજાસ આંગણમાં, બપોરે દીપ પ્રજ્વાળે!..પ્રભુ૦.૩

ન શોધે મોર ચિતારો, કદિ પિક[4] રંગ તંબૂરો; (૨)
કૃતાકૃતથી[5] પરે બેસી નિહાળે ખલ્કની રો રો....પ્રભુ૦..૪

ખુશામત માળીની કદિ ના, કરે વસંત વનમાળી! (૨)
નિજાનંદે ફરે અવધૂત, દઈને મોતને તાળી!! ...પ્રભુ૦..૫

**રંગ અવધૂત**

૧. હેઠ કંઠ સુધી ૨. ઉનાળે ૩. કામદુધા ગાય ૪. કોયલ ૫. કરેલું અનેન કરેલું વિચાર વગર તટસ્થ રહીને

**પરસ્પર દેવો ભવ**

## ✤ (૧૫) મોહે દત્તદરસકી આસ ✤

(રાગ: જોગિયો; તાલ: દીપચંદી)

(માઝા દત્ત પાહિલા કાય-એ મરાઠી રાહ)

મોહે દત્તદરસકી આસ, કોઈ મિલાવો રે! – ધ્રુવ૦

ઓઢે વ્યાઘ્રાંબર કૌપીન, કાંધે ઝોલી દયાઘન લીન્હ;
હાથમેં માલ ત્રિશૂલ ધર દીન્હ, ભક્ત-ઉદ્ધારક જો!...કોઈ૦

જંગલ બસ્તી જાકો સમાન, બૈઠે કભી તો જાકે સ્મશાન;
ખેલે સંગ ગૌવા અરુ શ્વાન, પ્રેમ-સમુંદર જો!...કોઈ૦

સોહે અંગ ભભૂત સુધૌત, પહેને પાંવ ખડાવ[૧] સુપૂત[૨];
સિરપે કેસ જટિલ અબધૂત, જ્ઞાન પિલાવત જો!!...કોઈ૦

જડ ઉન્મત્ત પિશાચક બાલ, જિસકો દેખત કાંપે કાલ;
માયા મમત હોત બેહાલ, રંગ સુમંગલ જો!!...કોઈ૦

* * *

## ✳ (૧૬) મૈં તો બૈઠા ગુરુપદ પાસ ✳

(રાગ: જોગિયો; તાલ: દીપચંદી)

મૈં તો બૈઠા ગુરુપદ પાસ, ચિંતા અબ કાહે ! –ધ્રુ.


દત્ત દિગંબર તારક એક, પતિતોદ્ધારક જોગી ભેખ;
ચૌદોં લોક જગાવત અલેખ, મોહે મન ભાયો !!.....ચિંતા૦

જાકો તેજ ન વિશ્વ સમાય, ઋષિ મુનિ સુર કિન્નર જશ ગાય;
લાગે પાંવ રંક અરુ રાય, આનંદ ઉર ન્હાયો !!.....ચિંતા૦

કીનો બન ઔદુંબર બાસ, ખેલે આપહી આપે ખાસ;
દેખે જગલીલા ઉદાસ, અમૃત રસ પાયો !!.....ચિંતા૦

બરનન[૩] કર કર થાકે બેદ, સરન[૪] ચરન શ્વાન બન લેત;
ભાગે દરસનસે સબ ખેદ, રંગ સુદંગ ભયો !!.....ચિંતા૦

૧. પાદુકા ૨. અતિ પવિત્ર ૩. વર્ણન ૪. શરણ



**પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીને થયેલું દત્તદર્શન**

કાષાયવાસસમજં કમલાક્ષમેકં । માલાકમંડલુધરં રમણીયલીલમ્ ॥
ગોશ્વાનક્રીડનપરં નિગમાન્તકેલિં । દેવત્રયાત્મકમહં સતતં નતોઽસ્મિ ॥

# રંગપ્રણીત સૂત્રો

- ❖ પરસ્પરદેવો ભવ। (એકબીજામાં રહેલા દેવત્વ-દૈવી અંશને પિછાનો)
- ❖ શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્। (સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત! દત્ત.)
- ❖ ભક્તિર્દમ્ભો વિના ભાવમ્। (ભાવ વિનાની ભક્તિ એ દંભ છે)
- ❖ સ્વયમાશીસ્તુ સત્કર્મ। (સત્કર્મ એ પોતે જ આશીર્વાદરૂપ છે)
- ❖ માતા માતૈવ કેવલમ્। (મા તે મા)
- ❖ ન માતુઃ પરદૈવતમ્। (માતાથી બીજું કોઈ દૈવત મોટું નથી)
- ❖ સર્વો દત્તઃ સર્વરૂપસ્ત્વરૂપઃ। (નિરાકાર સાકાર સર્વેય દત્ત)
- ❖ ગુરુકૃપા હિ કેવલં શિષ્ય પરમમંગલમ્ (ગુરુની કૃપા જ શિષ્યનું પરમમંગલ છે.)
- ❖ શ્રેયઃ પ્રેયસો વિશિષ્યતે। (પ્રેય કરતાં શ્રેય ચઢિયાતું છે)
- ❖ છાત્રદેવો ભવ। (વિદ્યાર્થી એ દેવસ્વરૂપ છે)
- ❖ સત્યમેવ પરં તપઃ। (સત્ય એ જ પરમ તપ છે)
- ❖ શ્રી દત્તઃ શરણં મમ।(શ્રીદત્ત મારું શરણ છે)

રંગ અવધૂત